# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-02-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*****************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં ઇન્ડિયા A.I. ઇમ્પેક્ટ સમિટમાં ભાગ લેવા આવેલા વૈશ્વિક નેતાઓ સાથે મુલાકાત કરી.**
2. **કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, ભારત વિશ્વની સમસ્યાઓના ઉકેલ માટે A.I. પર ભાર આપી રહ્યું છે.**
3. **ગુજરાતના નાણામંત્રી કનુ દેસાઈ વિધાનસભામાં વર્ષ 2026-27નું અંદાજપત્ર રજૂ કરી રહ્યા છે.**
4. **જાપાનનાં પ્રધાનમંત્રી સનાએ તાકાઇચીએ આજે પોતાનાં મંત્રીમંડળ સાથે રાજીનામું આપ્યું.**
5. **ICC ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં દક્ષિણ આફ્રિકા અને UAE વચ્ચે દિલ્હીમાં મુકાબલો.**

,,......................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PM BILATERALS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના હૈદરાબાદ હાઉસમાં ઈન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટમાં ભાગ લેવા આવેલા અનેક વૈશ્વિક નેતાઓ સાથે મુલાકાત કરી. તેમણે સ્પેનિશ રાષ્ટ્રપ્રમુખ પેડ્રો સાંચેઝ સાથે મુલાકાત કરી. બંને નેતાઓએ ભારત-સ્પેન ભાગીદારીને વધુ ગાઢ બનાવવાના હેતુથી વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ચર્ચા કરાયેલા મુખ્ય ક્ષેત્રોમાં વેપાર અને અર્થતંત્ર, ડિજિટલ, નવીનતા, આરોગ્ય, આબોહવા કાર્યવાહી અને શિક્ષણનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રીએ ફિનલેન્ડના પ્રધાનમંત્રી એન્ટિ પેટેરી ઓર્પો સાથે પણ વાત કરી. તેમણે ટકાઉપણું અને ડિજિટલાઇઝેશન, AI સંશોધન અને નૈતિક નવીનતામાં સહયોગ અને ભારતીય પ્રતિભા દ્વિપક્ષીય સહયોગને કેવી રીતે મજબૂત બનાવી શકે છે તેની ચર્ચા કરી.

શ્રી મોદી હાલમાં સર્બિયન રાષ્ટ્રપતિ એલેક્ઝાન્ડર વુસિક સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી રહ્યા છે. પ્રધાનમંત્રી મોદી આજે ભારત AI ઇમ્પેક્ટ સમિટ માટે રાષ્ટ્રીય રાજધાનીમાં રહેલા અનેક વૈશ્વિક નેતાઓ સાથે ઘણી બેઠકો કરવાના છે. આમાં ક્રોએશિયન પ્રધાનમંત્રી આન્દ્રેજ પ્લેનકોવિક, એસ્ટોનિયાના રાષ્ટ્રપ્રમુખ અલાર કારિસ, ભૂટાનના પ્રધાનમંત્રી દાશો ત્શેરિંગ તોબગે અને કઝાકિસ્તાનના પ્રધાનમંત્રી ઓલ્ઝાસ બેક્ટીનોવ સાથે પણ મુલાકાત કરશે.

આજે સવારે, પ્રધાનમંત્રી મોદીએ ગૂગલના મુખ્ય કાર્યકારી અધિકારી સુંદર પિચાઈને પણ મળ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . .

## AI SUMMIT WORLD LEADERS

ઇન્ડિયા **A.I.** ઇમ્પેક્ટ સમિટમાં ભાગ લેવા આવેલા સ્પેનના રાષ્ટ્રપ્રમુખ પેડ્રો સાન્ચેઝ અંગે વિદેશ મંત્રાલયે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું, તેમના પ્રવાસથી ભારત-સ્પેનની સંસ્કૃતિ, પ્રવાસ અને **A.I.**ના બમણા વર્ષના ચાલી રહેલા સમારોહને વધુ ગતિ મળશે. સેશેલ્સના ઉપરાષ્ટ્રપતિ સેબેસ્ટિયન પિલ્લે અંગે મંત્રાલયે જણાવ્યું, સેશેલ્સ એક નજીકના અને લાંબાગાળાનું સમુદ્રી ભાગીદાર છે અને શિખર સંમેલનમાં તેની ભાગીદારી આપણા લોકોના લાભ માટે **A.I.**નો ઉપયોગ કરવા તથા ભાગીદારીને વધુ મજબૂત કરવાની તક આપે છે.

જ્યારે મૉરિશિયસના પ્રધાનમંત્રી ડૉક્ટર નવિનચંદ્ર રામગુલામના પ્રવાસ અંગે મંત્રાલયે જણાવ્યું, તેમના પ્રવાસથી ડિજિટલ સહયોગ વધુ સશક્ત થશે, જે ભારત-મૉરિશિયસ સંબંધનો મુખ્ય સ્તંભ બની રહ્યો છે.

. . . . . . . . . . . . . . . . . .

## VAISHNAW SYMPOSIUM

ઇલેક્ટ્રૉનિક્સ અને માહિતી ટૅક્નોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, ભારત વાસ્તવિક વિશ્વની સમસ્યાઓના ઉકેલ માટે કૃત્રિમ બુદ્ધિમત્તા – **A.I.**

પર ભાર આપી રહ્યું છે. ઇન્ડિયા **A.I.** ઇમ્પેક્ટ સમિટના ત્રીજા દિવસે એક સંશોધન સંગોષ્ઠીના ઉદ્ઘાટન સમારોહને સંબોધતા તેમણે કહ્યું, **A.I.** શિખર સંમેલન વિવિધ ટૅક્નિકલ બાબતો પર વિચાર-વિમર્શ કરવાનું મહત્વની તક આપે છે.

## (બાઈટ – અશ્વિની વૈષ્ણવ)

શ્રી વૈષ્ણવે સંગોષ્ઠીમાં ઉપસ્થિત ટોચના વિદ્વાનોને **A.I.**ના સલામત ઉપયોગ પર નક્કર અને સ્પષ્ટ સૂચન આપવા જણાવ્યું. તેમણે **A.I.**ને એક શક્તિશાળી ઉપકરણ ગણાવતા કહ્યું, તેનો ઉપયોગ માનવતાના હિત માટે કરવો જોઈએ.

. . . . . . . . . . . . . . . . . .

## AI SUMMIT FINLAND AND SWEDEN PM

સ્વિડનનાં નાયબ પ્રધાનમંત્રી એબ્બા બુશ ઇન્ડિયા **A.I.** ઇમ્પેક્ટ સમિટ માટે નવી દિલ્હી પહોંચ્યાં છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું, કે ભારત અને સ્વિડન વચ્ચે સંબંધ વેપાર, અર્થતંત્ર, વિજ્ઞાન, નવીનતા, આબોહવા પરિવર્તન અને શિક્ષણ સહિત અનેક ક્ષેત્રમાં સહયોગને પ્રોત્સાહન આપે છે.

ફિનલૅન્ડના પ્રધાનમંત્રી પેટેરી ઑર્પો અંગે વિદેશ મંત્રાલયે તેમનો આ પ્રવાસ બંને દેશ વચ્ચે ડિજિટલ અને કૃત્રિમ બુદ્ધિમત્તા - **A.I.**, સતત વિકાસ અને શિક્ષણ ક્ષેત્રમાં સહયોગને મજબૂત બનાવશે. કૌશલ્ય વિકાસ

અને ઉદ્યોગસાહસિકતા રાજ્યમંત્રી જયંત ચૌધરીએ વિમાનમથક પર ફિનલૅન્ડના પ્રધાનમંત્રીનું સ્વાગત કર્યું હતું.

. . . . . . . . . . . . . . . . . .

## EC RS POLLS

ચૂંટણી પંચે આજે 10 રાજ્યમાં રાજ્યસભાની 37 બેઠક માટે ચૂંટણીની જાહેરાત કરી. આ માટે આગામી 26 ફેબ્રુઆરીએ જાહેરનામું પ્રસિદ્ધ કરાશે અને પાંચમી માર્ચ સુધી નામાંકન દાખલ કરી શકાશે. જ્યારે 16 માર્ચે મતદાન થશે.

કેન્દ્રીય મંત્રી રામનાથ ઠાકુર, રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ અને શરદપવારની આગેવાની હેઠળની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી – **NCP**ના શરદ પવાર સહિત અનેક નેતાઓ ગૃહમાં પોતાનો કાર્યકાળ પૂર્ણ કરી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . .

## STATE BUDGET VIDHANSABHA

ગુજરાતના નાણામંત્રી કનુ દેસાઈ હાલ વિધાનસભામાં વર્ષ 2026-27નું અંદાજપત્ર રજૂ કરી રહ્યા છે. સત્તાવાર યાદી મુજબ, બપોરે 12 વાગ્યે તારાન્કિત પ્રશ્નોત્તરી સાથે ગૃહનું કામકાજ શરૂ થયું હતું. દરમિયાન નાણામંત્રીએ વિવિધ વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રક અને ખર્ચના પૂરક પત્રક રજૂ કર્યા હતા.

બજેટ રજૂ કરતાં અગાઉ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાણામંત્રી કનુ દેસાઇએ પ્રતિક્રિયા આપી હતી.

(બાઇટ – સીએમ – ભૂપેન્દ્ર પટેલ)

(બાઇટ- નાણામંત્રી કનુ દેસાઇ)

. . . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

## SHAH RAMKRISHNA PARAMHANS

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રામકૃષ્ણ પરમહંસજીની જન્મજયંતી નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ આપી છે. સોશિયલ મીડિયા પર એક સંદેશમાં શ્રી

શાહે કહ્યું, રામકૃષ્ણ પરમહંસે આધ્યાત્મિકતા અને નૈતિક જીવનના માધ્યમથી ભાઈચારાનો સંદેશ આપ્યો તથા સમગ્ર માનવ જાતિને નવી દિશા આપી.

તેમણે કહ્યું, રામકૃષ્ણ પરમહંસના ઉચ્ચ આદર્શ અને દૂરંદેશી વિચાર હંમેશા તમામ વયજૂથના લોકો માટે પ્રેરણાસ્ત્રોત રહેશે.

. . . . . . . . . . . . . . . . .

## AMIT SHAH-WB VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે પશ્ચિમ બંગાળના એક દિવસના પ્રવાસે છે. કોલકાતા પહોંચ્યા બાદ તેઓ નાદિયા જિલ્લાના માયાપુરમાં ઇસ્કોન મુખ્યમથકની મુલાકાત લેશે. તેઓ શ્રીલ ભક્તિસિદ્ધાંત સરસ્વતી ઠાકુરની 152મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

શ્રી શાહ જયપતાકા સ્વામી મહારાજ સાથે ઉચ્ચસ્તરની બેઠક કરશે અને મંદિર પરિસરમાં જાહેર સભાને સંબોધશે.

. . . . . . . . . . . . . . . . .

## JAPAN PM

જાપાનનાં પ્રધાનમંત્રી સનાએ તાકાઇચીએ આજે પોતાનાં મંત્રીમંડળ સાથે રાજીનામું આપી દીધું છે. તાકાઇચી વહીવટી તંત્રના તમામ

મંત્રીઓએ મંત્રીમંડળની બેઠકમાં સામૂહીક રીતે પોતાનું રાજીનામું આપ્યું. નવાં પ્રધાનમંત્રીની ચૂંટણી માટે આજે બપોરે સંસદનું નવું સત્ર શરૂ થશે, જ્યાં મતદાન બાદ નવાં પ્રધાનમંત્રી મંત્રીમંડળની નિમણૂકોને અંતિમ સ્વરૂપ આપશે. તેમજ મુખ્ય કૅબિનેટ સચિવ દ્વારા નિમણૂકોની જાહેરાત કરાશે.

સત્તાધારી લિબરલ ડૅમોક્રેટિક પક્ષનાં અધ્યક્ષ સનાએ તાકાઇચીને ફરી પ્રધાનમંત્રી બનાવાય તેવી અપેક્ષા છે. કારણ કે, ફેબ્રુઆરી 2026ની સામાન્ય ચૂંટણીમાં સત્તાધારી ગઠબંધનની જીત બાદ તેમના પક્ષ પાસે હાલ શક્તિશાળી નીચલા ગૃહમાં બે તૃતીયાંશથી વધુ બેઠક છે.

. . . . . . . . . . . . . . . . . .

## JAISHANKAR BANGLADESH

વિદેશમંત્રી ડૉક્ટર એસ. જયશંકરે ડૉક્ટર ખલીલુર રહેમાનને બાંગ્લાદેશના વિદેશ મંત્રી બનવા બદલ શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં ડૉક્ટર જયશંકરે કહ્યું, તેઓ પરસ્પર પ્રગતિ અને સમૃદ્ધિ માટે ભારત-બાંગ્લાદેશ સહયોગને વધારવા તથા તેમની સાથે મળીને કામ કરવા ઉત્સુક છે.

. . . . . . . . . . . . . . . . . .

## AIR FORCE WILDFIRE

ભારતીય વાયુસેનાના હેલિકૉપ્ટર પડકારજનક ભૌગોલિક પરિસ્થિતિઓ વાળી બે જગ્યા પર જંગલની આગ બૂઝાવવાનું કામ કરી રહ્યા છે. વાયુસેનાના જણાવ્યા મુજબ, અરુણાચલ પ્રદેશના વાલૉન્ગમાં લાગેલી આગને બૂઝાવવા માટે કુલ એક લાખ 39 હજાર 800 લિટર પાણીનો છંટકાવ કરાયો છે.

વાયુસેનાએ જણાવ્યું, નાગાલૅન્ડની ઝુકોઉ ખીણમાં પણ આ અભિયાન યથાવત્ છે, જ્યાં **M.I.** 17 વી-5 હેલિકોપ્ટર દીમાપુર સ્થિત પદુમ્પોખિરી ઝરણાથી પાણી ભરીને જાપ્ફૂ શિખર પાસે લાગેલી આગ બૂઝવવામાં આવી રહી છે. ઢાળવાળા ઢોળાવ, ઓછી દૃશ્યતા અને પાતળી હવાને કારણે કામગીરી પડકારજનક રહે છે.

. . . . . . . . . . . . . . . . .

## T20 CRICKET WORLD CUP

**ICC** ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં હાલ દક્ષિણ આફ્રિકા અને સંયુક્ત આરબ અમિરાત – **UAE** વચ્ચે મેચ રમાઈ રહી છે. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં ચાલી રહેલી મેચમાં **UAE**ની ટીમે પહેલા બેટિંગ કરી 20 ઑવરમાં 6 વિકેટ ગુમાવી 122 રન કર્યા છે.

અન્ય મુકાબલામાં આજે ભારત અને નેધરલેન્ડ્સ વચ્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સાંજે સાત વાગ્યે મેચ રમાશે.

જ્યારે શ્રીલંકાના કોલમ્બોમાં પાકિસ્તાન અને નામિબિયા વચ્ચેની મેચ ત્રણ વાગ્યે શરૂ થશે.

. . . . . . . . . . . . . . . . . .

## RUSSIA UKRAINE MEET

રશિયા અને યુક્રેનના પ્રતિનિધિમંડળ વચ્ચે આજે સ્વિત્ઝર્લેન્ડના જિનિવામાં શાંતિ સંવાદના પહેલા દિવસની બેઠક સમાપ્ત થઈ. અમેરિકાની મધ્યસ્થીમાં યોજાયેલી બેઠકમાં મૉસ્કો દ્વારા યુક્રેન પર કરાયેલા આક્રમણની ચોથી વર્ષગાંઠના એક સપ્તાહ પહેલા આ બેઠક યોજાઈ રહી છે.

યુક્રેનના મુખ્ય વાટાઘાટકાર રુસ્તમ ઉમેરોવે કહ્યું, આ સંવાદમાં વ્યાવહારિક મુદ્દાઓ અને સંભવિત નિવારણ પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રીત કરાયું અને આ અંગે રાષ્ટ્રપ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીને માહિતી અપાશે.

જ્યારે જિનિવામાં આ સંવાદથી થોડા કલાક પહેલા રશિયાએ યુક્રેન પર મોટો સંયુક્ત હવાઈ હુમલો કર્યો. તેમાં 400 ડ્રૉન અને અંદાજે 30 મિસાઇલથી 12 ક્ષેત્રને નિશાન બનાવાયા. તેમજ ત્રણ લોકોના મોત થયા હોવાનું યુક્રેનના અધિકારીઓએ જણાવ્યું. દરમિયાન રશિયાએ જણાવ્યું, તેમની હવાઈ સુરક્ષાએ 150થી વધુ ડ્રૉન હુમલાને નિષ્ફળ બનાવ્યા. જ્યારે હુમલા બાદ એક તેલ રિફાઇનરીમાં પણ આગ લાગી હતી.

. . . . . . . . . . . . . . . . .